# NSS SPECIAL CAMP

# 2024-25


**Managed by Arya Kanya Vidyalaya Trust**

## Gurukul Mahila Arts and Commerce College

**At & Post : Tapobhumi, Arya Kanya Gurukul Campus, Jubilee, Bokhira Vistaar, PORBANDAR– 360579 GUJ INDIA**

**Re-Accredited 'B++' (CGPA 2.99) by NAAC**

**Phone : +91 286 2245561|+91 9374129126**

# નિમંત્રણ

## ગુરૂકુળ મહિલા આર્ટસ & કોમર્સ કોલેજ-પોરબંદર
## રાષ્ટ્રીય સેવા યોજના વાર્ષિક શિબિર યુનિટ ૧ અને ૨

શ્રીમાન...સર્વે સ્ટાફ.......ગુરુકુળ...મહિલા...કોલેજ..........

ઉચ્ચ શિક્ષણ દરમ્યાન રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા વિદ્યાર્થીનીઓનાં વ્યકિતત્વનો વિકાસ થાય અને ગ્રામ્ય જીવન સાથે વિદ્યાર્થીનીઓ તાદાત્મ્ય કેળવે અને તેઓની સંવેદના અનુભવી શકે તથા રાષ્ટ્રીય ભાવના અને ભારતીય સંસ્કૃતિ અને તેનાં મુલ્યો પ્રત્યે હકારાત્મક દ્રષ્ટિકોણ પ્રાપ્ત કરી શકે તે હેતુને ધ્યાનમાં લઈ ગુરૂકુળ મહિલા કોલેજનાં રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ-૧ અને યુનિટ-૨ દ્વારા વાર્ષિક શિબિરનું આયોજન તારીખ : ૨૬-૦૧-૨૦૨૫ થી તારીખ : ૦૧-૦૨-૨૦૨૫ સુધી સીમાણી ગામે કરવામાં આવેલ છે. આ શિબિરમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને પ્રેરણાનું પાથેય પુરું પાડવા આપશ્રીને હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

**શિબિર ઉદ્દ્ઘાટન સ્થળ : પ્રાર્થના મંદિર GMC**
**ઉદ્દ્ઘાટન તારીખ : ૨૯-૦૧-૨૦૨૫ સમય : ૯:30 કલાકે**

:: મુખ્ય અતિથિ ::

## સરપંચશ્રી, સીમાણી

### નિમંત્રક

| | | |
|---|---|---|
| ડો. રાજેન્દ્ર ચૌધરી<br>પ્રોગ્રામ ઓફિસર યુનિટ-૧<br>રાષ્ટ્રીય સેવા યોજના | ડો. અનુપમ નાગર<br>પ્રિન્સીપાલ<br>ગુરૂકુળ મહિલા કોલેજ,<br>પોરબંદર | ડો. નમ્રતા સામાણી<br>પ્રોગ્રામ ઓફિસર યુનિટ-૨<br>રાષ્ટ્રીય સેવા યોજના |







PRINCIPAL
Gurukul Mahila Arts & Commerce College
PORBANDAR

PORBANDAR







PRINCIPAL
Gurukul Mahila Arts & Commerce College
PORBANDAR







PRINCIPAL
Arts & Commerce
PORBANDAR















PRINCIPAL
Gurukul Mahila Arts & Commerce College
PORBANDAR









PRINCIPAL
Arts & Commerce College
PORBANDAR

## Successful Completion of the Special Annual NSS Camp at Gurukul Women's College

Upholding the motto of NSS, "Not Me, But You," the NSS unit of Gurukul Women's Arts and Commerce College organized a special seven-day annual camp at Simani village from January 26, 2025, to February 1, 2025. The inauguration ceremony took place on January 26, 2025, with Shri Narendrasinh Rana, a member of the college's IQAC, as the chief guest. The event commenced with a traditional lamp-lighting ceremony led by Shri Narendrasinh Rana, the college principal Dr. Anupam Nagar, vice-principal Prof. Rohiniba Jadeja, NSS program officer Dr. Rajendrabhai Chaudhary, Dr. Namrataben Samani, former NSS program officer Dr. Ketakiben Pandya, and NSS leaders.

During the ceremony, Principal Dr. Anupam Nagar delivered an inspiring speech, motivating the participating students about the role of NSS in national development and their responsibilities as volunteers. He also elaborated on the meaning and essence of NSS. The event was filled with a spirit of patriotism and service.

Throughout the camp, various activities were conducted with the support of the village Sarpanch, ministers, and school teachers, including Urvashiben Dodiya, Nehalbhen, Rupalben, and Pujaben.

The students conducted a cleanliness drive in the village and organized sports activities to promote physical health among schoolchildren. Winners and participants were awarded cash prizes totaling ₹3,000 from the Prohibition and Excise Department.

A visit was made to Babda Gaushala for a session on cow protection, where trustee Shri Bharatbhai Thanki arranged all necessary facilities. The students learned about organic farming based on cow products and the health benefits of cow's milk. Later, they visited the sacred Randal Mata Temple at Bagvadar. Vice-principal Prof. Rohiniba Jadeja also joined to encourage the students.

Visits were made to Om Geeta Gaushala-Jivdaya Trust and the Modhwada Leerbai Temple. Former NSS program officers Dr. Nayanbhai Tank and Dr. Bhargav Bhatt joined to support the students.


A medical camp was held, where renowned dentist Dr. Mitbhai Bapodara conducted free dental check-ups for 136 villagers. Awareness about oral

hygiene and the harms of tobacco and gutkha was spread. Additionally, former NSS program officer Prof. Dr. Ketaki Pandya distributed 60 Patanjali toothpaste and brush kits to children.

The students visited the historic Navlakha Temple in Ghumli, built in the 11th century by the Jethwa rulers and dedicated to the Sun God. They also explored Trikamji Bapu's Ashram, Bapu's stepwell, Modpar Fort, Bileshwar Mahadev Temple, Jambuvati Caves, and Sandipani Temple.

The camp concluded with a grand ceremony chaired by Urvashiben Dodiya, the principal of the village primary school. The students engaged in door-to-door awareness campaigns on road safety, cleanliness, environmental protection, de-addiction, voter awareness, health maintenance, and the importance of girls' education. A drawing competition was also organized for schoolchildren, with winners receiving prizes. Dr. Ketakiben Pandya and Dr. Namrataben Samani entertained the children with nursery rhymes. The event ended with a cultural program presented by village students, followed by a talk by Dr. Rajendrabhai Chaudhary on the role of NSS at the college level. A volunteer shared experiences and interactions with villagers before Dr. Namrataben Samani concluded the program with a vote of thanks.

The success of the camp was credited to the guidance of Principal Dr. Anupambhai Nagar, the dedication of former NSS program officer Prof. Dr. Ketakiben Pandya, and the efforts of current NSS program officers Dr. Rajendrabhai Chaudhary and Dr. Namrataben Samani. Administrative support was provided by Shri Amitbhai Bhatt of Arya Kanya Gurukul. The camp was efficiently managed by NSS leaders Mayuri Ranavaya, Priya Vara, and Raji Parmar, with the cooperation of college faculty and staff, making it a truly meaningful service initiative.



પોરબંદર ખબર 19

# ગુરૂકુલ મહિલા કોલેજમાં NSS વાર્ષિક શિબિર સંપન્ન

## સાત દિવસ સુધી વિદ્યાર્થીનીઓ વિવિધ સ્થળોની મુલાકાત દરમિયાન અવનવા કાર્યક્રમોમાં સહભાગી બન્યા













PRINCIPAL
Mahila Arts & Commerce
PORBANDAR

PORBANDAR

http://www.youtube.com/@porbandarkhabar

દૈનિક પ્રભાત સમાચાર

# પોરબંદર • ખબર

3 ફેબ્રુઆરી 2025, સોમવાર 20



પોરબંદર ખબર

'હું નહિ પણ તમે' ના એન.એસ.એસ.ના મંત્રને સાર્થક કરી કોલેજ અભ્યાસ દરમ્યાન રાષ્ટ્ર સેવા માટે પોતાનું યોગદાન આપવા ગુરૂકુળ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ની એન.એસ.એસ.ની વિદ્યાર્થીની માટે ખાસ વાર્ષિક શિબિરનું સાત દિવસીય આયોજન સીમાણી ગામે તા.26. જાન્યુઆરીથી 01 ફેબ્રુઆરી દરમ્યાન કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્ઘાટન સમારોહ 26 જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યો હતો. આ સમારોહમાં કોલેજના આઈ. ક્યૂ. એ. સી.ના સભ્ય નરેન્દ્રસિંહ રાણા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉદ્ઘાટન સમારોહમાં કાર્યક્રમની શરૂઆત અતિથિ વિશેષ નરેન્દ્રસિંહ રાણા, કોલેજના પ્રિન્સિપાલ ડૉ. અનુપમ નાગર, વાઇસ પ્રિન્સિપાલ પ્રો. રોહિણીબા જાડેજા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાજેન્દ્રભાઈ ચૌધરી તેમજ ડૉ. નક્ષત્રાબેન સામાણી, પૂર્વ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. કેતકીબેન પંડ્યા તેમજ એન.એસ.એસ. લીડર્સના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સમગ્ર કેમ્પને પ્રેરણા પ્રોત્સાહન અને દિશા સૂચન પૂરું પાડનાર કોલેજના પ્રિન્સીપાલ ડૉ.અનુપમ નાગર દ્વારા કેમ્પમાં ભાગ લેનારી બહેનોને પ્રેરક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું અને રાષ્ટ્રના વિકાસમાં એન.એસ.એસ.નો શું ફાળો હોય શકે અને એક સ્વયં સેવક તરીકે પ્રત્યેક વિદ્યાર્થિની શું કરી શકે અને શું કરવું જોઈએ તેનું પ્રેરણાત્મક સંબોધન કરેલું હતું સાથે એન.એસ.એસ. શબ્દના અર્થની પણ પરીભાષા કરી હતી. સમગ્ર ઉદ્ઘાટન સમારોહમાં દેશભક્તિ તેમજ સ્વયં સેવાનો ભાવ છલકાતો જોવા મળેલ હતો. સમગ્ર કેમ્પ દરમ્યાન સીમાણી ગામનાં સરપંચ, મંત્રી, પ્રાથમિક શાળાના આચાર્ય ઉર્વશીબેન ડોડીયા અને શિક્ષિકાઓ નેહલબેન, રૂપલબેન અને પૂજાબેન સહકારથી અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

શિબિરના બીજા દિવસે ગામની સફાઈ કરી શાળાના બાળકોમાં શારીરિક સ્વાસ્થ્ય પરત્વે જાગરૂકતા આવે તે હેતુથી વિવિધ રમત-ગમતનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં વિજેતા અને ભાગ લેનાર સર્વ બાળકોને નશાબંધી અને આબકારી ખાતા તરફથી ત્રણ હજાર રૂપિયાના પુરસ્કારો પણ આપવામાં આવ્યા હતા. ત્રીજા દિવસે ગૌ સંરક્ષણ સંદર્ભે ખાખડા ગૌશાળાની મુલાકાત લેવામાં આવી હતી. ગૌશાળાના ટ્રસ્ટી ભરતભાઈ થાનકી દ્વારા જરૂરી તમામ વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી અને ત્યાં જઈ બહેનોએ ગાય આધારિત ખેતી તથા ગાયનાં દૂધ અને તેની વિવિધ પ્રોડક્ટ્સ વિશે અને આરોગ્યની દ્રષ્ટિએ ગાયના દૂધની ઉપયોગિતા ઉપર રસપ્રદ માહિતીઓ એકઠી કરેલી હતી ત્યારબાદ ધાર્મિક સ્થળ બગવદર રાંદલ માતાના મંદિરની મુલાકાત લીધી હતી. આ દિવસે ગુરૂકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ના વાઇસ પ્રિન્સિપાલ તેમજ એન.એસ.એસ.ના પૂર્વ પ્રોગ્રામ ઓફિસર પ્રો. રોહિણીબા જાડેજા પણ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા માટે સાથે હાજર રહ્યા હતા. ચોથા દિવસે ફટાણામાં ગૌશાળા-જીવદયા ટ્રસ્ટની તેમજ ધાર્મિક સ્થળ મોઢવાડા વીરભાઈ મંદિરની મુલાકાત લીધી હતી. આ દિવસે એન.એસ.એસ. ના પૂર્વ પ્રોગ્રામ ઓફિસર ડૉ. નયનભાઈ ટાંક તેમજ ડૉ. ભાર્ગવભાઈ ભટ્ટ તમામ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન આપવા સાથે જોડાયા હતા.

પાંચમાં દિવસે મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં પોરબંદરનાં જાણીતા ડેન્ટિસ્ટ ડૉ. મીત ભાયોદરા દ્વારા ગ્રામજનોના દાંતની નિઃશુલ્ક તપાસણી કરી આપવામાં આવી હતી તેમજ ગ્રામજનોને તંબાકુ ગુટકા જેવા વ્યસનોથી દૂર રહેવા જણાવ્યું હતું તેમજ દાંતની નિયમિત સફાઈ તેમજ તપાસણી કરવા માટેની જાગૃતતા પણ ફેલાવી હતી. આ દંત યજ્ઞમાં ગામનાં પુરૂષ, સ્ત્રી તેમજ બાળકો મળી કુલ 130થી વધુ લોકોના દાંત તપાસવામાં આવ્યા હતા સાથે જ આ આયોજનને વધુ સફળ બનાવવા માટે અંગ્રેજી વિભાગના અધ્યક્ષ અને એન.એસ.એસ.ના પૂર્વ પ્રોગ્રામ ઓફીસર પ્રો. ડૉ.કેતકી પંડ્યાએ 60 જેટલા બાળકોને પોતાની દંતકાંતિનાં ટૂથપેસ્ટ અને બ્રશ કીટનું વિતરણ કર્યું હતું.

છઠ્ઠા દિવસે ધૂમલી આશાપુરા માંના મંદિરે દર્શન કર્યા બાદ વિદ્યાર્થીનીઓ ઐતિહાસિક ધરોહરથી પણ અવગત થાય તે હેતુથી જેઠવા શાસકો દ્વારા 11મી સદીમાં બનાવવામાં આવેલુ સૂર્ય દેવને સમર્પિત ધૂમલીના નવલખા મંદિરની મુલાકાત લઈ, ત્રિકમજી બાપુના આશ્રમ પહોંચી ભોજન લઈ બાપુની વાવ, મોડપરનો ઐતિહાસિક કિલ્લો, ભિલેશ્વર મહાદેવ મંદિર, જાંબુવતી ગુફા તેમજ સાંદિપની મંદિરની મુલાકાત લીધી હતી. આ કેમ્પની પૂર્ણાહુતિ પ્રાથમિક શાળાનાં આચાર્ય ઉર્વશીબહેન ડોડીયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. જેમાં સવારે વિદ્યાર્થિઓએ ગામમાં જઈ રોડ સેફ્ટી, સ્વચ્છતા, પર્યાવરણ, નશામુક્તિ, મતદાન જાગૃતિ, સ્વાસ્થ્ય જાળવણી, દીકરીઓને આગળ શા માટે ભણાવવી જોઈએ વગેરે જેવી વાતો ઘરે ઘરે જઈ કરી હતી. ત્યારબાદ શાળામાં બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું અને વિજેતાઓને ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ ડૉ. કેતકીબેન પંડ્યા તેમજ ડૉ. નક્ષત્રાબેન સામાણીએ બાળકોને બાળગીત ગાઈ અને ગવડાવી આનંદિત કરેલા. અંતિમ ચરણમાં સીમાણી પ્રાથમિક શાળાના વિદ્યાર્થિઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરાયેલો. છેલ્લા દિવસની સમાપન વિધિમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાજેન્દ્રભાઈ ચૌધરી દ્વારા શાળાના વિદ્યાર્થીઓને એન.એસ.એસની કાર્યપદ્ધતિની અને દેશના યોગદાનમાં એન.એસ.એસ.ના ફાળા વિષે વિસ્તૃત માહિતી આપી હતી તેમજ કાર્યક્રમના અંતે જાગૃતિ ફેલાવવા ગયેલ વોલન્ટીયર્સનું પ્રતિનિધિત્વ કરતા એક વોલન્ટીયર બહેને ગ્રામજનો સાથે થયેલ સંવાદનો પ્રતિભાવ પણ આપેલ અને અંતે ડૉ. નક્ષત્રાબેન સામાણી દ્વારા તમામનો આભાર માન્યો હતો.

સમગ્ર કેમ્પને સફળ બનાવવા માટે ગુરૂકુળ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. અનુપમભાઈ નાગર દ્વારા માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું તેમજ એન.એસ.એસ.ના પૂર્વ પ્રોગ્રામ ઓફીસર પ્રો.ડૉ.કેતકીબેન પંડ્યા તેમજ હાલમાં કાર્યરત એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.રાજેન્દ્રભાઈ ચૌધરી અને ડૉ. નક્ષત્રાબેન સામાણી એ જહેમત ઉઠાવી હતી.

ઉપરાંત કેમ્પ માટે જરૂરી વ્યવસ્થા માટે આર્ય કન્યા ગુરૂકુળના એડમીન અમિતભાઈ ભટ્ટનો પૂરો સહયોગ પ્રાપ્ત થયેલો હતો ત્યારે આ કેમ્પ એક સુંદર સંભારણું બની રહે તે માટે એન.એસ.એસ.લીડર મયુરી રાણાવાયા, પ્રિયા વારા તથા રાજી પરમાર દ્વારા તમામ પ્રકારની વ્યવસ્થાનું મેનેજમેન્ટ કરવામાં આવ્યું હતું અને કોલેજના તમામ અધ્યાપક મિત્રો તથા સર્વ ઓફિસ સ્ટાફના સહયોગથી આ કેમ્પ ખરા અર્થમાં સેવા પ્રકલ્પ બન્યો હતો.

